Godrej Consumer sees demand pick-up in Q3

GODREJ CONSUMER PRODUCTS said on Tuesday demand conditions improved during the third quarter, following a temporary sales disruption due to the government's sweeping tax cuts.

The company, known for its 'Cinthol' brand of soaps and 'Goodknight' mosquito repellent, said it expects close to double-digit revenue growth and double-digit core earnings growth for the quarter ended December 31. Godrej posted a 4% rise in revenue last quarter.

"We remain confident of a gradual improvement in consumption over the coming quarters, supported by falling inflation and improving affordability following lower GST rates," the company said in a statement.

Second-quarter earnings for several Indian consumer goods companies were hurt by temporary sales disruptions as consumers deferred purchases after the government's tax cuts went into effect in September.

The update follows smaller rival Dabur, which has also seen signs of demand recovery in the third quarter and expects consolidated revenue to grow in the mid-single digits from a growth of 3% a year earlier. **–REUTERS**

Gold rally drives Titan's Dec qtr sales up 40%

TITAN COMPANY ON Tuesday posted a 40% jump in overall sales for the third quarter, driven by a higher average selling price for its gold jewellery and festive season demand.

The company is best known for its eponymous watch brand and the Tanishq network of jewellery stores.

Titan's jewellery business, which accounts for nearly 88% of its revenue, grew 41% year-on-year in the quarter ended December 31.

Spot gold prices rose nearly 12% during the quarter, to close out a calendar year in which the precious metal clocked its steepest rise since 1979, driven by geopolitical uncertainties, rate cuts and robust central bank buying. The increase in average selling price offset flattish growth in the number of customers, Titan said. **–REUTERS**

Sapphire-Devyani merger to create $1-bn QSR giant

YARUQHULLAH KHAN
New Delhi, January 6

FULL PLATTER

■ On an annualised basis, the combined business is expected to generate around **₹8,000 cr** in turnover

■ Devyani is the largest franchisee for KFC & Pizza Hut. It also operates Costa Coffee

■ India's food services market is more than **$100 bn**, with the QSR segment alone valued at over $25 billion

MANISH DAWAR, CFO, DEVYANI INTERNATIONAL

We have already negotiated with Yum! that our priority is to turn around the business

THE MERGED ENTITY of Sapphire Foods India and Devyani International is likely to cross $1 billion in annual revenue once the transaction is completed, Ravi Jaipuria, non-executive chairman of Devyani International, said on Tuesday, outlining plans to scale KFC while prioritising a turnaround of Pizza Hut in India.

Addressing analysts in a conference call, Jaipuria said the proposed combination of Sapphire Foods India and Devyani International was aimed at building one of the largest food and beverage platforms in the country rather than merely combining two businesses. Independent estimates, he said, place India's food services market at more than $100 billion, with the quick service restaurant segment alone valued at over $25 billion.

On an annualised basis, the combined business is expected to generate around ₹8,000 crore in turnover and operate more than 3,000 stores globally.

The two companies announced the merger through a share-swap deal on January 1, 2026, and have said regulatory approvals are expected to take around 12 to 15 months, after which the scheme would become effective. The transaction has received approval from US-based franchisor Yum! Brands.

Devyani is the largest franchisee for KFC and Pizza Hut in India and also operates Costa Coffee, Tea Live, New York Fries and Sanook Kitchen in the country, besides owning the South Indian vegetarian QSR chain Vaango.

As of September 30, 2025, it operated across more than 280 cities in India, Nigeria, Nepal and Thailand. In FY25, Devyani reported consolidated revenue of ₹4,951.1 crore, while Sapphire Foods clocked ₹2,881.87 crore in revenue from operations.

Explaining the post-merger operating structure, Devyani CFO Manish Dawar said the merged entity would take over marketing, innovation, technology and supply chain functions for Pizza Hut. For KFC, the integration will initially be limited to technology and supply chain management, while marketing and innovation will continue to be run by Yum! Brands.

On Pizza Hut, Dawar said the focus would be on repairing margins and restoring brand leadership rather than aggressive store additions. "We have already negotiated with Yum! that our priority is to turn around the business...we will not be under stress to open new units," he said, adding that net new store additions would not be negative by the time the merger is completed.

For KFC, expansion will continue but in a calibrated manner. Dawar also said the company has identified a global technology partner to build a common technology roadmap across KFC and Devyani's own brands.

Under the proposed scheme, 177 equity shares of Devyani will be issued for every 100 equity shares of Sapphire Foods. Arctic International, a Devyani group company, will also acquire about 18.5% of Sapphire Foods' paid-up equity from existing promoters, with an option to assign the stake to a mutually agreed financial investor.

Pilots' body flags roster issues at Air India Express

YARUQHULLAH KHAN
New Delhi, January 6

FATIGUE FACTOR

■ The pilots' body said that alleged irregularities in roster allocation were leading to increased fatigue and stress

■ The issue has emerged during a period of organisational change at Air India Express

■ The airlines said an internal review has been initiated to examine the issues raised

THE AIRLINE PILOTS Association of India (ALPA-India) has raised concerns over pilot rostering practices at Air India Express, calling for a more transparent and accountable scheduling system and cautioning that current arrangements could pose operational and safety challenges if left unaddressed.

In a letter sent to the airline's management and reviewed by *FE*, the pilots' body said that alleged irregularities in roster allocation were leading to increased fatigue and stress among sections of the cockpit crew. The association claimed that duty schedules in some cases did not adequately factor in rest requirements or established aviation work norms, potentially affecting operational readiness.

The issue has emerged during a period of organisational change at Air India Express, which is part of the Tata Group and is in the process of integrating operations with AIX Connect, formerly AirAsia India. According to ALPA-India, pilots have seen a rise in roster-related issues since the integration process gathered pace, contributing to dissatisfaction among crew members.

Air India did not reply to queries related to the subject till the time of going to the press, but executives said the airline has taken note of the concerns flagged by the pilots' association. They said an internal review has been initiated to examine the issues raised and that corrective steps would be considered if the claims are found to be valid.

FROM THE FRONT PAGE

Services sector growth...

Panel members highlighted improvements in external demand, particularly from Asia, North America, West Asia and the UK. New export orders rose at a marked pace, faster than in November. Despite these gains, optimism among service firms fell for the third consecutive month, reaching its lowest level in nearly three-and-a-half years. Market uncertainty and exchange rate concerns weighed on sentiment. Hiring growth, which had been on an upward trend since June 2022, came to a halt in December. Service sector jobs fell only marginally, as 96% of companies reported no change from November.

Meanwhile, the HSBC India Manufacturing PMI also slowed, dropping to 55.0 in December from 56.6 in November, signalling the slowest improvement in the sector in two years.

Race for top spot in MFs...

He also noted that the individual investor category constituted around 60% of the AUM consistent over the last few years.

Gaurav Jani, financials analyst at PL Capital, had said at the time of the AMC's listing that it had the highest market share in net equity flow and superior equity yield of 67 basis points due to lowest distributor payout and the firm have 9.2% of revenue coming from non-mutual fund business, higher than many peers. He added that ICICI Pru AMC may eventually command a premium to HDFC AMC due to better distribution and diversification.

Nimesh Shah, CEO of ICICI Prudential AMC had told reporters at the IPO press meet that out of 10 new AMCs that have come only two and three have grown because they gave superb performance.

The broader message is clear. India's AMC industry is no longer about scale alone. Performance, diversification and distribution strength now determine leadership. SBI MF still holds the crown—but the chase is on. And if current trends hold, the race for Number 1 may well go down to the wire.

RIL slides most since 2024

Morgan Stanley has flagged several potential catalysts in 2026, including a possible initial public offering (IPO) of Jio Platforms, higher telecom tariffs and further upside to refining margins amid benign oil prices.

However, analysts caution that uncertainty around potential US tariffs on Indian exports and a patchy recovery in consumer demand could cap near-term gains. Valuations are another overhang. RIL currently trades at over 23 times forward earnings—more than one standard deviation above its five-year average, according to Bloomberg data—leaving the stock more vulnerable to negative sector signals. *-- With agency inputs*

Juniper Green raises ₹2K cr

JUNIPER GREEN ENERGY raised ₹2,039 crore in debt financing from global and national financial institutions such as NaBFID, HSBC, DBS, Barclays and Aseem Infrastructure for growth and development of upcoming renewable projects.

In addition, Juniper Green Energy also expanded its non-fund-based limits with Federal Bank and Axis Bank, it said. The company borrowed ₹1,739 crore in August 2025 from the Indian Renewable Energy Development Agency (Ireda).

The National Bank for Financing Infrastructure and Development (NaBFID) lent ₹566 crore for the company's under-construction 90 MW Juniper Green Kite Wind Power Project in Gujarat. The company said HSBC has extended debt financing of ₹408 crore for its under-construction 75 MW Juniper Green Beam Eight Solar-Wind Hybrid Power Project in Maharashtra. **–FE BUREAU**

AAM AADMI PARTY

બગદાણા ઘટના, પાયલ ગોટી ઘટના, મોરબી બ્રીજ કાંડ, દાહોદ મનરેગા કૌભાંડ, પાલનપુરની હત્યા સુધીના તમામ ગુનેગારો માટે ભાજપ સરકારની ડિસ્કાઉન્ટ યોજનાનો પર્દાફાશ કરતા AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા

બગદાણાથી પાલનપુર સુધી આરોપીઓને બચાવવાની ભાજપની નીતિ : ઈટાલિયા

- પાયલ ગોટી કેસ રફેદફે કરાયો, પોલીસ દ્વારા આરોપીઓને ડિસ્કાઉન્ટ
- મોરબી બ્રિજ કાંડ, મનરેગા કૌભાંડમાં પણ આરોપીઓને રાહત અપાઈ
- પોલીસ ભારતીય જનતા પાર્ટીની ટોપી પહેરીને ગુનેગારોને બચાવી રહી છે
- પાલનપુર હત્યા કેસમાં કલમો ઓછી લગાવી આરોપીઓને ફાયદો અપાયો
- દાહોદ મનરેગા કૌભાંડમાં એજન્સી અને આરોપીઓના નામ છુપાવાયા

(એજન્સી) અમદાવાદ/ગુજરાત તા.06

આમ આદમી પાર્ટી વિસાવદરનાં ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ બગદાણા ઘટના, પાયલ ગોટી ઘટના, મોરબી બ્રીજ કાંડ, દાહોદ મનરેગા કૌભાંડ, પાલનપુરની હત્યા સુધીના તમામ ગુનેગારો માટે ભાજપ સરકારની ડિસ્કાઉન્ટ યોજનાને લઈને મોટા ખુલાસા કર્યા હતા. વિડીયોનાં માધ્યમથી AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના પીપળીયા ગામની એફઆઈઆરમાં પોલીસે આરોપીઓને ફાયદો થાય અને આરોપીઓને ડિસ્કાઉન્ટ મળે તે માટે પીડિતના પુત્રને જ ફરિયાદી બનાવ્યો હતો. પીપળીયા ગામે 28 ફેબ્રુઆરીએ એક ઘટના બની હતી. પોલીસે એફઆઈઆરમાં સમય પણ ખોટો લખ્યો છે. પિડીત વૃદ્ધને જો ફરિયાદી બનાવવામાં આવ્યા હોત તો આરોપીઓને અત્યાર સુધી જામીન મળ્યા ન હોત કારણ કે પીડિત વૃદ્ધ અત્યારે એક વર્ષથી બેભાન અવસ્થામાં છે. પોલીસે બુદ્ધિ વાપરી, ભાજપની ટોપી બની ગયા અને જે વૃદ્ધને માર મારવામાં આવ્યો હતો તેના પુત્રને ખોટો ફરિયાદી બનાવી આરોપીઓને ડિસ્કાઉન્ટ આપ્યું. આરોપીઓ જેલમાંથી ઘણા સમય પહેલા છૂટી ગયા છે.

AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે અમરેલીની બજારમાં પાયલ ગોટી નામની એક દીકરીનું સરઘસ કાઢવામાં આવ્યું હતું . આ ઘટના આખા ગુજરાતને ખબર છે,પછી પોલીસે કાગળ લખ્યો અને તેમાં લખ્યું છે કે પાયલનું નામ ખોટી રીતે આવી ગયું હતું. સાયબર ક્રાઈમ પોલીસ ઈન્સ્પેક્ટર એવું લખ્યું છે કે બાકીના ત્રણ આરોપીઓ હતા તેની વિરુદ્ધ પણ કોઈ પુરાવો નથી અને આ ત્રણ લોકોનું નામ પણ ભૂલથી એફઆઈઆરમાં આવી ગયું છે. આવું કહીને આખો કેસ રફેદફે કરવામાં આવ્યો છે. જ્યારે એફઆઈઆર કરી ત્યારે તમને ખબર ન હતી કે આ ખોટો કેસ છે ? ત્યારે પણ પોલીસ જાણતા હતા પરંતુ ભાજપે કહ્યું હતું કે પાયલનું સરઘસ કાઢવાનું છે એટલે એક ખોટી એફઆઈઆર બનાવી દેજો. આ કેસમાં પોલીસ પાસે ચાર ચાર આરોપીઓ વિરુદ્ધ કોઈ પુરાવો નથી, ભૂલથી નામ આવી ગયું છે અને અમારી ભૂલ થઈ ગઈ છે, આવું પોલીસે ઓફિસિયલી લખ્યું છે. તેનો અર્થ એ નીકળ્યો કે કોઈએ ગુનો કર્યો નથી,અથવા તો તમે ખોટી એફઆઈઆર લખી છે, ખોટી રીતે સરઘસ કાઢ્યું અને બદનામી કરી. છેલ્લે હવે કહ્યું કે ભૂલ થઈ ગઈ છે તેનો અર્થ એ થયો કે પોલીસે આરોપીઓને ડિસ્કાઉન્ટ આપવાનું કામ કર્યું છે.

AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે પાલનપુર હત્યા કેસમાં પણ પોલીસે કાયતરાની કલમ ઉમેરી નથી. ખૂનની ઘટનામાં પણ આરોપીને કોર્ટમાં ફાયદો થાય તે માટે પોલીસે બે કલમ ઓછી લગાવી છે કારણ કે આરોપીઓને ડિસ્કાઉન્ટ મળે.

મારવાડી યુનિવર્સિટી વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું આયોજન કરશે

(એજન્સી) નવી દિલ્હી તા.06

'વાઇબ્રન્ટ ગુજરાતની સફળ પરંપરાને આગળ ધપાવતા હવે રાજકોટ સ્થિત મારવાડી યુનિવર્સિટી ગુજરાત સરકાર દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત 'વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ'ની યજમાન બનવા જઈ રહી છે. આ પરિસંવાદ 11થી 12 જાન્યુઆરી 2026 દરમિયાન યોજાશે. યુનિવર્સિટીએ આ અવસર સાથે ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે એક મહત્વાકાંક્ષી પહેલ પણ આગળ ધરી છે. મારવાડી યુનિવર્સિટીએ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગને *1,000 કરોડના રોકાણ માટેના સમજૂતીપત્ર*નો પ્રસ્તાવ સોંપ્યો છે. આ પ્રસ્તાવિત રોકાણનો હેતુ સૌરાષ્ટ્ર જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતને શિક્ષણ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે વધુ પ્રતિષ્ઠિત બનાવવા માટે અદ્યતન શૈક્ષણિક માળખું ઊભું કરવાનો છે. પ્રસ્તાવ અનુસાર, યુનિવર્સિટી ખાતે નવી શૈક્ષણિક ઈમારતોનું નિર્માણ કરવામાં આવશે, જેમાં અદ્યતન પ્રયોગશાળાઓ, આધુનિક રમતગમત સુવિધાઓ અને આગામી પેઢીની હોસ્ટેલ્સનો સમાવેશ થશે. સાથે સાથે, નવીન વિચારો અને ઉદ્યમશીલતાને પ્રોત્સાહન આપવા માટે 10,000 ચોરસ ફૂટનું 'ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ કેન્દ્ર' સ્થાપવામાં આવશે. કામકાજ કરતા વ્યાવસાયિકો અને ઉદ્યમીઓ માટે કુશળતા-વર્ધન અને અપસ્કિલિંગને ધ્યાનમાં રાખીને સતત શિક્ષણ માટે અલગ શૈક્ષણિક બ્લોકની પણ યોજના છે.

ફિટનેસ ફોર્મ્યુલા : 70% ભારતીયોના મતે બદામ વજન ઘટાડવામાં રામબાણ!

(એજન્સી) નવી દિલ્હી તા.06

નવા વર્ષની શરૂઆત સાથે આરોગ્ય સંબંધિત લક્ષ્યો કેન્દ્રસ્થાને આવી રહ્યા છે, જેમાં વજન નિયંત્રણ ઘણીવાર સંકલ્પ યાદીમાં સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. લોકો પોતાની દૈનિક રૂટિનમાં નવી ગોઠવણી કરી વધુ તંદુરસ્ત અને ઊર્જાવાન અનુભવ માટે ટકાઉ માર્ગોની શોધ કરી રહ્યા છે, ત્યારે સચેત આહાર અને સંતુલિત પોષણનું મહત્વ ફરી એકવાર વધ્યું છે. આ પરિવર્તનને પ્રતિબિંબિત કરતાં, આલ્મન્ડ બોર્ડ ઓફ કેલિફોર્નિયાની સહભાગીતામાં કરવામાં આવેલા નવા યુગોવ સર્વેમાં ખુલાસો થયો છે કે ભારતીય ગ્રાહકો નિયમિત કસરતથી લઈને રોજિંદા સ્વાસ્થ્યને સહારો આપતા પોષક તત્વોથી ભરપૂર ખોરાક પસંદ કરવા જેવી વધુ આરોગ્યદાયક જીવનશૈલી અપનાવી રહ્યા છે. આમાં, કેલિફોર્નિયા બદામ સવારના દિનચર્યાઓ અને નાસ્તાની આદતોમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે, જ્યાં ઘણા લોકો તેને વધુ તૃપ્તિ, ખોરાકની તૃષ્ણાઓ પર વધુ સારી નિયંત્રણ અને દિવસભર સતત ઉર્જા સાથે સાંકળે છે. ભારતના 16 શહેરોમાં કરવામાં આવેલા આ સર્વેમાં આરોગ્યકેન્દ્રિત અને સર્વાંગી જીવનશૈલી તરફ વધતા વલણને પણ ઉજાગર કરવામાં આવ્યું છે. મોટાભાગના પ્રતિભાવદાતાઓ (92%) આરોગ્ય અને પોષણ પ્રત્યે મજબૂત રસ દર્શાવે છે, જેમાંથી 51% લોકો દૈનિક કસરત સાથે સક્રિય જીવનશૈલી અપનાવી રહ્યા હોવાનું જણાવે છે. આ ઉપરાંત, 63% પ્રતિભાવદાતાઓ વજન સંચાલન કરવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનું કહે છે-જેમાં રોજિંદી કસરત, વધુ પાણી પીવું અને ખાંડના સેવનમાં ઘટાડા જેવી નિયમિત આદતો સામેલ છે.

સંશોધન-આધારિત કેસ સ્ટડીઝને પ્રોત્સાહન આપવા માટે EDII દ્વારા 'કેસ કોમ્પિટિશન 2026'નું આયોજન

(એજન્સી) અમદાવાદ તા.06

એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, અમદાવાદના સંશોધન આધારિત પહેલોને પ્રોત્સાહન આપતા વિભાગ 'સેન્ટર ફોર રિસર્ચ ઇન એન્ટરપ્રિન્યોરશિપ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ' હેઠળ 5 થી 7 જાન્યુઆરી, 2026 દરમિયાન 'કેસ કોમ્પિટિશન 2026' નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા પૂર્વે, અસરકારક કેસ સ્ટડી કેવી રીતે લખવા તે અંગે માર્ગદર્શન આપવા માટે 4-5 નવેમ્બર, 2025 ના રોજ 'કેસ રાઈટિંગ વર્કશોપ' પણ યોજવામાં આવ્યો હતો. આ સ્પર્ધા માટે કુલ 70 કેસ લીડ્સ પ્રાપ્ત થયા હતા, જેમાંથી 49 સ્વીકારવામાં આવ્યા હતા. હાલમાં 30 ઓથર્સ છ અલગ-અલગ સત્રોમાં 23 કેસ રજૂ કરશે. આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ્ય મેનેજમેન્ટ અને ઉદ્યોગસાહસિકતાના શિક્ષણમાં પાયાના સાધન તરીકે ઉપયોગી થઈ શકે તેવા ઉચ્ચ ગુણવત્તાયુક્ત કેસ સ્ટડીઝ પૂરા પાડવાનો છે. આ પહેલ દ્વારા, ઈડીઆઈઆઈ એક વિશેષ 'કેસ યુનિટ' સ્થાપવાની મહત્વાકાંક્ષા રાખે છે, જે ભારત-કેન્દ્રિત કેસ સ્ટડીઝનું સંકલન અને પ્રસાર કરશે. આનાથી ફેકલ્ટીઓની શિક્ષણ કૌશલ્યમાં સુધારો થશે અને વિદ્યાર્થીઓના શીખવાના અનુભવમાં સમૃદ્ધિ આવશે.

રાજ્યમાં 565 શ્રેષ્ઠ પશુપાલકોને કુલ રૂ. 91 લાખથી વધુની પ્રોત્સાહક રાશિના ચેક અર્પણ કરાયા

વિજયવીર યાદવ | ગાંધીનગર ખાતે પશુપાલન રાજ્ય મંત્રી રમેશભાઈ કટારાની અધ્યક્ષતામાં "શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર વિતરણ સમારોહ ૨૦૨૫-૨૬" યોજાયો હતો. આ સમારોહ દરમિયાન શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર યોજના હેઠળ રાજ્ય કક્ષાએ પ્રથમ ક્રમ મેળવનાર જૂનાગઢના પશુપાલક અરજણભાઈ ઓડેદરા, દ્વિતીય ક્રમે સુરતના પશુપાલક શ્રી ખંડુભાઈ પટેલ તથા તૃતીય ક્રમે મોરબીના પશુપાલક પ્રવિણભાઈ પટેલને પશુપાલન રાજ્ય મંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, જિલ્લા કક્ષાએ પ્રથમ અને દ્વિતીય ક્રમે પસંદગી પામેલા પશુપાલકોને ક્રમશઃ રૂ. ૨૫,૦૦૦ અને રૂ. ૨૦,૦૦૦ તેમજ તાલુકા કક્ષાએ પ્રથમ અને દ્વિતીય ક્રમે પસંદગી પામેલા પશુપાલકોને ક્રમશઃ રૂ. ૨૦,૦૦૦ અને રૂ. ૧૦,૦૦૦ની પ્રોત્સાહક રાશિના ચેક એનાયત કરવામાં આવ્યા હતા.

શિક્ષણ, સંશોધન અને રાષ્ટ્રીય પ્રતિનિધિત્વમાં રાજ્યથી રાષ્ટ્ર સુધી ગૌરવભેર છાપ

અમદાવાદ સરકારી સ્પાઇન ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓની ઐતિહાસિક રાષ્ટ્રીય સિદ્ધિ

વિજયવીર યાદવ | ગાંધીનગર તા.06

સરકારી સ્પાઇન ઈન્સ્ટિટ્યૂટ અને ફિઝિયોથેરાપી કોલેજના વિદ્યાર્થીઓએ રાજ્યથી લઈને રાષ્ટ્રીય સ્તર સુધી નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. શિક્ષણ, સંશોધન તથા રાષ્ટ્રીય પ્રતિનિધિત્વના ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓએ કરેલી આ સિદ્ધિઓ સંસ્થાની શૈક્ષણિક ગુણવત્તા અને માર્ગદર્શનની મજબૂત પરંપરાનો પુરાવો છે.

ગુજરાત યુનિવર્સિટીમાં માસ્ટર ઓફ ફિઝિયોથેરાપી અભ્યાસક્રમમાં અભ્યાસ કરતી ડૉ. પ્રિયા કોકડિયાએ Cardio-Respiratory Disorders વિષયમાં ગોલ્ડ મેડલ તેમજ માસ્ટર ઓફ ફિઝિયોથેરાપીમાં ઓવરઓલ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. તે જ રીતે, માસ્ટર ઓફ

ફિઝિયોથેરાપીમાં અભ્યાસ કરતી ડૉ. દર્શિતા ઉચદડીયાએ Orthopedic Disorders વિષયમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. ફિઝિયોથેરાપી કોલેજના ફાઈનલ યર સ્નાતક અભ્યાસક્રમમાં અભ્યાસ કરતી જુહી પંચાલે સ્નાતક સ્તરે ગોલ્ડ મેડલ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે. આ સાથે જ, ફિઝિયોથેરાપી સ્નાતક અભ્યાસક્રમના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતી વૈષ્ણવી પરીખ 'ફિટ ભારત - હિટ ભારત' થીમ પર યોજાનારા 'વિકસિત ભારત યુવા નેતાઓ સંવાદ - રાષ્ટ્રીય યુવા મહોત્સવ 2026'માં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા જઈ રહી છે. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમનું આયોજન યુવા અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર દ્વારા કરવામાં આવ્યું છે અને તેમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ગરિમામય ઉપસ્થિતિ વિશેષ ગૌરવપૂર્ણ બની રહેશે. સરકારી સ્પાઇન ઈન્સ્ટિટ્યૂટના નિયામકશ્રી ડૉ. પીયુષ મિત્તલના અસરકારક નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ સંસ્થામાં શિક્ષણ, સંશોધન અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે.

રાજ્યના 3,691 નવનિયુક્ત આંગણવાડી કાર્યકરોની બે દિવસીય તાલીમ સંપન્ન

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

બાળકોના સર્વાંગી વિકાસ તથા તેમને વધુ સુપોષિત બનાવવાના ઉમદા ઉદ્દેશથી આઈ.સી.ડી.એસ. યોજના હેઠળ રાજ્યભરમાં આંગણવાડીઓ કાર્યરત કરવામાં આવી છે. બાળકોના ભવિષ્યને પાયાથી જ વધુ મજબૂત કરવાના સંકલ્પ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ૯,૦૦૦થી વધુ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ નવનિયુક્ત કર્મચારીઓ આઈ.સી.ડી.એસ. યોજનાના સુદ્રઢ અમલીકરણમાં સહભાગી બને તે હેતુથી સમગ્ર રાજ્યમાં ૩,૬૯૧ કાર્યકરોને બે દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ એ બાળકોના પ્રારંભિક શિક્ષણમાં ગુણાત્મક પરિવર્તન લાવવાનો એક સેતુ છે. તાલીમ પામેલા કાર્યકરો હવે આધુનિક શૈક્ષણિક પદ્ધતિઓ દ્વારા બાળકોને રમત-ગમત સાથે પાયાનું શિક્ષણ આપશે.

શહેરોમાં પાણીની ક્ષમતા વધી, 528 કિમીની નવી પાઈપલાઈન બિછાવી

વિજયવીર યાદવ | ગાંધીનગર તા.06

CM ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર રાજ્યના તમામ શહેરી વિસ્તારોમાં દૈનિક પાણી પુરવઠો અને સલામત પીવાના પાણીની સમાન પહોંચ સુનિશ્ચિત કરીને રાજ્યને ટકાઉ શહેરી જળ વ્યવસ્થાપન માટે રાષ્ટ્રીય મોડેલ તરીકે સ્થાપિત કરવાની નેમ રાખે છે. આ જ ઉદ્દેશ્યથી શહેરી વિકાસ વર્ષ 2025 દરમિયાન રાજ્યના શહેરી વિસ્તારોના જળ સંસાધનોમાં 92.97 MLDનો અને ટ્રાન્સમિશન સિસ્ટમ્સમાં 528. 35 કિમીનો વધારો કરવામાં આવ્યો છે. વધુમાં, મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ રાજ્યના તમામ શહેરી વિસ્તારોમાં દૈનિક ધોરણે પાણી પુરવઠો પહોંચાડવા માટે 'મિશન ડેઈલી વૉટર સપ્લાય' જેવી પહેલ અમલી કરવામાં આવી રહી છે. મિશન ડેઈલી વૉટર સપ્લાય હેઠળ રાજ્ય સરકાર વિવિધ વૉટર સપ્લાય અને સેનિટેશન સંબંધિત પ્રોજેક્ટ્સ/પહેલો હાથ ધરવા માટે શહેરી સ્થાનિક સંસ્થાઓને સહાય પૂરી પાડે છે. વર્લ્ડ ક્લાસ સિટી ડેવલપમેન્ટને વેગ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા 2025નું વર્ષ 'શહેરી વિકાસ વર્ષ' તરીકે જાહેર કરવામાં આવ્યું છે, અને આ વર્ષ દરમિયાન રાજ્ય સરકાર શહેરી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

ગુજરાત પોલીસની GP-SMASH પહેલ

સોશિયલ મીડિયા દ્વારા નાગરિકોની ફરિયાદોનું ઘરે બેઠા ઝડપી નિરાકરણ

વિજયવીર યાદવ | ગાંધીનગર તા.06

ગુજરાત પોલીસ દ્વારા રાજ્યના નાગરિકો સાથે સોશિયલ મીડિયા મારફતે કનેક્ટ થવા માટે ૦૧ માર્ચ, ૨૦૨૫ ના રોજ શરૂ કરાયેલી GP-SMASH પ્રોજેક્ટે છેલ્લા ૧૦ મહિનામાં નોંધપાત્ર સફળતા મેળવી છે. આ પહેલનો મુખ્ય હેતુ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લોકો દ્વારા રજૂ થતી ચિંતાઓ, ફરિયાદો અને સૂચનોને સંવેદના સમજી ઝડપથી સંબંધિત અધિકારી/કચેરી સુધી પહોંચાડીને સમયસર તેનો ઉકેલ લાવવાનો છે. આ પહેલ શરૂ થઈ ત્યારથી આજ દિન સુધીમાં ગુજરાત પોલીસને કાયદો અને વ્યવસ્થા સંલગ્ન 71, સાયબર ક્રાઈમ સંલગ્ન 233, શરીર સબંધી ગુના-71, પોલીસ ગેરવર્તણૂક-30, પ્રોહીબેશન-83, ટ્રાફિક-377, ચોરી/લૂંટ/ગુમ -109, રેલવે-02 તેમજ અન્ય ફરિયાદો સાથે અંદાજિત ૧૧૬૩ ફરિયાદો સોશિયલ મીડિયાના માધ્યમથી મળી હતી, જે પૈકીની ૧૧૫૦થી વધુ ફરિયાદોનો એટલે કે મોટાભાગની તમામ ફરિયાદોનો ગણતરીના સમયમાં સુખદ નિકાલ લાવવામાં આવેલ છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654